# સેક્ટર-૭ ખાતે શક્તિમેળાનો પ્રારંભ

## શક્તિમેળામાં ૮૩ જેટલા વિવિધ ચીજવસ્તુઓ સ્ટોલ પ્રદર્શન અને વેચાણ માટે ખુલ્લા મુકાયા : મહિલા અને બાળ વિકાસ વિભાગના કમિશનર કે.કે. નિરાલા અને મેનેજિંગ ડિરેક્ટર પુષ્પલતા દ્વારા શક્તિમેળાનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૩

મહિલા અને બાળ વિકાસ વિભાગના ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા શક્તિમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જે ૨૩ જુલાઈથી ૨૯ જુલાઈ દરમિયાન લગ્નવાડી હોલ, સે. ૭, ગાંધીનગર ખાતે પ્રારંભ થયો છે. આ શક્તિમેળામાં મહિલાઓ દ્વારા ઉત્પાદિત વસ્તુઓનું વેચાણ સહ પ્રદર્શન મુકવામાં આવ્યું છે. જેનો લાભ બહોળી સંખ્યામાં નાગરિકો પ્રથમ દિવસથી જ લઈ રહ્યા છે. સવારના ૧૦ વાગ્યાથી રાત્રીના ૧૦ વાગ્યા સુધી શક્તિમેળાનો લાભ નાગરિકો લઈ શકશે.

એક ડગલું આત્મનિર્ભરતા તરફ વોકલ ફોર લોકલ અંતર્ગત અને કોવીડ-૧૯ના સરકારશ્રીના નિયમોના પાલન સાથે મહિલા ઉદ્યમીઓને રોજગારી આપવાના હેતુથી શક્તિમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૮૩ જેટલા વિવિધ ચીજવસ્તુઓના સ્ટોલ ઉભા કરાયા છે. આ ઉપરાંત બાળકોના મનોરંજન માટે કટપૂતળી, ટેડીબોય, મેજીક શૉ, પપેટ શૉ, કચ્છી ઘોડી અહીંયા આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. નાના બાળકો ટેડીબોયને જોઈને ખુશખુશાલ થઈ રહ્યા છે. આ ૮૩ સ્ટોલ્સમાં મહિલાઓ દ્વારા ઉત્પાદિત વસ્તુઓનું વેચાણ થઈ રહ્યું છે. જેમાં ગુજરાતભરની ઉદ્યમી બહેનો પોતાના ઘરે બનાવેલી વસ્તુઓનું વેચાણ અહીંયા કરી રહી છે. તમે કોઈ સારી બ્રાન્ડની ખાદીની કુર્તી ખરીદો તો રૂ. ૨૦૦૦ થી ૩૦૦૦ તો ચૂકવવા પડે જ્યારે શક્તિમેળામાં સારી બ્રાન્ડની ખાદીની કૂર્તીઓ સુંદર ડીઝાઈનમાં ૧૨૦૦ રૂ. થી ૧૫૦૦ રૂ.માં મળી રહી છે. રક્ષાબંધન નજીકના દિવસોમાં જ છે ત્યારે રાખડીઓના સ્ટોલ્સ પણ જોવા મળી રહ્યા છે. જેમાં વિવિધ વેરાયટીઓ છે. મહિલાઓએ જાતે જ સુંદર રીતે રાખડીઓ બનાવી છે અને તેની કિંમત પણ નાગરિકોને પોસાય તેવી છે.

ભાભીની રાખડીઓ તો ખૂબ જ સુંદર રીતે બનાવવામાં આવી છે. આ ઉપરાંત કપલ રાખડીઓ પણ છે જેમાં ભાઈ-બહેનની રાખડી મુકવામાં આવી છે. સામાન્ય રીતે બ્રાન્ડેડ અને પસંદગીના પ્રકારમાં એક કૂર્તી તમને રૂ. ૧૦૦૦-૧૫૦૦માં કે તેથી વધુમાં પડતી હોય છે. આવી જ કૂર્તી તમને માત્ર રૂ. ૩૦૦ કે ૪૦૦ માં મળી જશે. અનેક સ્ટોલ્સમાં આવા વસ્ત્રોની વિવિધ વેરાયટી આ શક્તિમેળામાં ઉપલબ્ધ છે.

મહિલાઓને પગભર કરવા ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમનો પ્રયાસ સરાહનીય છે.

ગાંધીનગરની બહેનોએ પણ આ શક્તિમેળામાં સુંદર સુંદર હાથ બનાવટો પ્રદર્શન સહ વેચાણ અર્થે મુકી છે. આ શક્તિમેળાના ઉદ્દ્ઘાટનમાં કે.કે. નિરાલા (આઈએએસ) અને પુષ્પલતા (આઈએએસ)ની વિશેષ ઉપસ્થિત રહી હતી.

### કપડાઓમાં વિવિધ વેરાયટીઓ

શક્તિમેળામાં સૌથી વધુ કપડાઓના સ્ટોલ્સ જોવા મળી રહ્યા છે. જેમાં મહિલાઓ માટે ૩૦૦ થી ૪૦૦ રૂપિયામાં બ્રાન્ડેડ સાડી, કુર્તી, ટોપ, ડ્રેસ, વનપીસ મળી રહ્યા છે. કાપડમાં પણ વિવિધતા જોવા મળી રહી છે.

### શક્તિમેળામાં ૮૩ જેટલા સ્ટોલ્સ

પટોળા, ચામડાની વસ્તુઓ, જરદોશી વર્ક, લાકડાની ચીજવસ્તુ, પટારા, તોરણ, જડતરના આભૂષણ, વિવિધ આરોગ્યવર્ધક શરબત, અથાણા, મંડલા આર્ટની વિવિધ વસ્તુઓ, કટલરી, બ્યુટી પ્રોડક્ટ્સ, ખાદીના કપડા, હર્બલ પ્રોડક્ટ્સ, રાખડી, ૪ રૂપિયાના પેડ્સ, પાપડ, પગરખા સહિતની વેરાયટીઓ પ્રદર્શનમાં મુકવામાં આવી છે.














# માણસા અને આસપાસની ૧૯૦ શાળાના ૨૬ હજાર બાળકોને દરરોજ સ્વાદિષ્ટ, ગરમ અને પૌષ્ટિક ભોજન પહોંચાડાશે

## માણસા ખાતે અક્ષયપાત્ર ફાઉન્ડેશનના અતિ આધુનિક રસોઈઘરનો શ્રી અમિત શાહના વરદ હસ્તે શુભારંભ

ગાંધીનગર, તા.૨૩

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે આજે માણસામાં અક્ષયપાત્ર ફાઉન્ડેશનના ગુજરાતના આઠમા રસોઈઘરનો શુભારંભ કરાવ્યો હતો. શાળાના બાળકોને નિયમીત, સ્વાદિષ્ટ પૌષ્ટિક ભોજન પૂરું પાડતા અક્ષયપાત્ર ફાઉન્ડેશનનું ભારતમાં આ ૬૪ મું રસોઈઘર છે. આ રસોઈઘર દ્વારા માણસા અને આસપાસની ૧૯૦ શાળાઓના ૨૬,૦૦૦ બાળકોને પ્રતિદિન ગરમ ભોજન પહોંચાડવામાં આવશે. શ્રી અમિતભાઈ શાહ અને મહાનુભાવોએ અહીં પહેલીવાર તૈયાર થયેલું ગરમાગરમ ભોજન પણ બાળકોને પીરસ્યું હતું.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ અક્ષયપાત્ર ફાઉન્ડેશનના રસોઈઘરના શુભારંભ માટે પધાર્યા ત્યારે અક્ષયપાત્ર ફાઉન્ડેશનના ચેરમેન શ્રીમાન મધુ પંડિત દાસે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. શ્રી અમિતભાઈ શાહે આ પ્રસંગે ઈસ્કોનના સ્થાપક આચાર્ય શ્રી પ્રભુપાદના જીવન પર આધારિત પુસ્તક 'સિંગ, ડાન્સ એન્ડ પ્રે' નું વિમોચન પણ કર્યું હતું.

૧,૩૮૩ ચોરસ મીટરના બિલ્ટઅપ એરિયામાં નિર્માણ પામેલું આ રસોઈઘર ૪૭.૫ કિલોવૉટ ક્ષમતાનો સોલાર પ્લાન્ટ ધરાવે છે. ૧૨,૦૦૦ લીટરની રસોઈ ક્ષમતા માટે સૌર હાઈબ્રીડ વોટર હીટિંગ સિસ્ટમ અને ગ્રીન એનર્જીની પહેલ છે. જેથી રસોઈ નિર્માણનો સમય ઘટશે. ઉર્જા બચશે, અને વિશ્વસનીયતા પણ વધશે હશે. આ રસોઈઘરમાં બાળકો માટેના ભોજનને ઘરેલુ સ્વાદ આપવા માટે આધુનિક કઢાઈ સાથે ગેસ આધારિત રસોડું તૈયાર કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં હાલમાં અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, કલોલ, ભુજ અને જામનગરમાં અક્ષયપાત્ર ફાઉન્ડેશનના સાત કેન્દ્રીય રસોઈઘર કાર્યરત છે. માણસા ખાતેનું આ નવું રસોઈઘર ગુજરાતનું આઠમું રસોઈ ઘર બન્યું છે.




# મહાત્મા ગાંધી પુસ્તકાલય અને સરદાર પટેલ સાંસ્કૃતિક ભવનનું અમિતભાઈ શાહના હસ્તે લોકાર્પણ



કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તથા ગાંધીનગરના સાંસદ અને માણસાના વતની શ્રી અમિતભાઈ શાહે આજે માણસાને અનેક વિકાસકામોની ભેટ આપી હતી. મલાવ તળાવ પરિસરમાં માણસા-મકાખાડ રોડ પર માણસા નગરપાલિકા નિર્મિત સરદાર પટેલ સાંસ્કૃતિક ભવનનું શ્રી અમિતભાઈ શાહે લોકાર્પણ કર્યું હતું. આ પૂર્વે તેમણે મુખ્ય બજારમાં મહાત્મા ગાંધી પુસ્તકાલયનું પણ લોકાર્પણ કર્યું હતું. શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે, ઈતિહાસ સાક્ષી છે કે, માણસા શિક્ષણ અને વિકાસમાં હંમેશા અગ્રેસર રહ્યું છે, આપણે એને જાળવી રાખવાનો છે. માણસાના સર્વાંગી વિકાસ માટે યુવાનોને આગળ આવવા માટે તેમણે અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી, આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, ગાંધીનગરના પ્રભારી મંત્રી હર્ષ સંઘવી વગેરે ઉપસ્થિત રહયા હતા.

# શ્રમ અને રોજગાર વિભાગના નિવૃત્ત મિત્રોનું સ્નેહમિલન સંમેલન







તાજેતરમાં 'શ્રમ અને રોજગાર વિભાગના' નિવૃત્ત મિત્રોનું ગાંધીનગર ખાતે સ્નેહમિલન સંમેલન મળ્યું હતું. ૭૦ વર્ષથી વધુ ઉમરના બે સીનિયર મિત્રો, કિરીટકુમાર અગ્રાવત અને ઉદયભાઈ દેશપાંડેનું ગુલદસ્તાથી અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. મુકુંદભાઈ ભટ્ટની વર્ષગાંઠ હોવાથી કેક કાપી જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સર્વે મિત્રોએ અરસપરસ મળીને તંદુરસ્તી અને પ્રસન્નતાની આપ લે કરી શુભેચ્છાઓ પાઠવી હતી. સ્નેહમિલન સમાંરભ ખૂબ જ સફળ, પ્રેમાળ અને લાગણી સભર રહ્યો હતો.

# સેક્ટર-૨૨ ઢોર ડબ્બા પાસેથી વિદેશી દારૂ-બિયર ભરેલી ઈકો કાર મળી આવી

સેક્ટર-૨૧ પોલીસ મથકનો સ્ટાફ રાત્રીના સમયે પેટ્રોલીંગમા હતો. તે સમયે બાતમી મળી હતી કેચ-૬ સર્કલ થી ઘ-૬ તરફ જવાના માર્ગ પર સેક્ટર-૨૨ કટ ઢોર ડબ્બા પાસે ગ્રે કલરની ઈકોગાડી કાચ તુટેલી તેમજ ટાયર ફુટેલી હાલતમાં પડી છે, જેમાં દારુ-બિયરનો જથ્થો ભરેલો છે. જેથી પોલીસે ઢોર ડબ્બા પાસે ગ્રે કલરની ઈકોગાડી નં. જી.જે.૧૮. બી. એલ.-૯૧૪૯ રોડની સાઈડમાં કાચ તુટેલા અને ટાયર ફુટેલા હાલતમાં હતી. જયારે પોલીસે ગાડીમાં તપાસ કરતા દારુની બોટલો તેમજ બિયરના ટીન તુટી જવાથી દારૂ નીચે ઢોળાઈ જવાથી વાસ આવતી હતી. જયારે દારુની પેટીઓ અને બિયરની ટીન પણ ગાડીમાં વેર વિખેર હાલતમાં પડ્યા હતા.પોલીસે વિદેશી દારુના કવાર્ટરીયા નંગ-૫૧૨ તેમજ બિયરના ટીન નંગ-૧૬૦ મળી કુલ ૭૨,૯૬૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. જયારે મોબાઈલ ફોન નંગ-૧ કિં.૧૫૦૦ તેમજ ઈકો ગાડી કિં.૨.૫૦ લાખ મળી કુલ રૂ.૩,૨૪,૭૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી ગાડીના ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર નજીકના લેકાવાડા ખાતે બીએસએફની ભરતી માટે દેશભરના વિવિધ રાજ્યોમાંથી આવનાર યુવાનો માટે આલમપુરના સરપંચ અશોકભાઈ સોલંકી, સે. ૩૦ કેન્દ્રીય વિદ્યાલયના શિક્ષક જયસિંહ રાજપૂત અને તેઓના સાથીઓ તથા આલમપુરના ગ્રામજનો દ્વારા રહેવા, ખાવા, પીવા સહિતની તમામ સુવિધાઓ ગોઠવી છે. સતત દસ દિવસથી યુવાનોની અતિથિની જેમ સંભાળ રાખવામાં આવી રહી છે. રોજ દોઢસો ઉપરાંત પરપ્રાંતી યુવાનો લાભ લઈ રહ્યા છે.

# આયુષ નિદાન કેમ્પમાં ૨૪૩ લાભાર્થીઓએ લાભ લીધો



ગાંધીનગર, તા.૨૩

વિશ્વ હિન્દુ પરિષદ ગાંધીનગરસેવા વિભાગ અને નિયામક શ્રી આયુષની કચેરી ગાંધીનગરના સંયુકત ઉપક્રમે આયુષ નિદાન સારવાર કેમ્પ સેકટર-૭ ભારત માતાં મંદિર ખાતે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન યોજાયો હતો. આ કેમ્પમાં વિવિધ રોગથી પિડાતા ૨૪૩ લાભાર્થીઓએ લાભ લીધો હતો. શહેરના ભારત માતા મંદિર ખાતે આયોજીત આયુષ નિદાન સારવાર કેમ્પનું ઉદ્ઘાટન ઉત્તર ગુજરાતના પ્રાંત સેવા પ્રમુખ શ્રી શૈલેષભાઈ પટેલ, વૈધ સંગીતાબેન જોષી, વૈધ ધારાબેન, વૈધ ભાવેશભાઈ, ડો. સાવન પરમાર, ઉતરગુજરાત માતૃશકિત સંયોજીકા કેસરબેન જોષીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ઉતર ગુજરાત ગૌ રક્ષા સંયોજક નવીનભાઈ, પ્રાંત બજરંગદળ સુરક્ષા પ્રમુખ શકિતસિંહ ઝાલા, પ્રાંત સામાજીક સમરસતા સહ પ્રમુખ પ્રવિણભાઈ, જિલ્લા મંત્રી ઘનશ્યામભાઈ, જિલ્લા સેવા પ્રમુખ રાજુભાઈ, ગનર સેવા પ્રમુખ પ્રવિણભાઈ સહિત જિલ્લાના કાર્યકરો હાજર રહ્યા હતા. જયારે કેમ્પમાં ડાયાબીટીશ, આર્યુવેદ, ક્ષારસુત્ર, અને યોગ વિશે માર્ગદર્શન અને નિદાન કરવામાં આવ્યું હતું. સવાર થી બપોર સુધીમાં વિવિધ રોગ થી પિડાતા ૨૪૩ લાભાર્થીઓએ આ સારવાર કેમ્પનો લાભ લીધો હતો.